અનુસુચિત જાતિના તબીબી સ્નાતકો/ડીપ્લોમાં ધારકોને (અનુસુચિત જાતિના તબીબી સ્નાતક કક્ષાના મેડીકલ,હોમીયોપેથીક,ફીઝીયોથેરાપીસ્ટ, ડેન્ટલ,આયિર્વેદ અને અન્ય તમામ સમકક્ષ ડોક્ટરો / ડીપ્લોમાં ધારકો)ને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન / સહાય

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબ્લ્યુ/૧૦૨૦૧૫/૬૦૦૮૩૦/ગ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૪/૧૦/૨૦૧૬

વંચાણમાં લીધા:-

(૧) શિક્ષણ અને મજુર વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૧૭૫/ ૭૨૯૪૪/૭૬/જ તા.૧૫/૦૭/૧૯૭૬

(૨) શિક્ષણ અને મજુર વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૧૭૬/ ૮૨૬૫૪/૭૬/જ તા.૦૧/૦૯/૧૯૭૬

(૩) મજુર,સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ /૧૧૭૫/ ૨૪૩૩૬ (૭૭) / જ,તા. ૧૮/૦૭/૧૯૭૭

(૪) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક :એસસીડબલ્યુ/૧૧૮૦/૧૦૨ / જ,તા.૨૮/૦૭/૧૯૮૦

(૫) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક :એસસીડબલ્યુ/૧૦૮૮/૪૭૧૪ / જ,તા.૨૯/૦૩/૧૯૮૯

(૬) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક :એસસીડબલ્યુ/૧૦૯૭/નબા ૩૦ /ગ,તા.૩૧/૦૩/૧૯૯૮

(૭) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ,સચિવાલય,ગાંધીનગર ના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/ ૧૦૨૦૦૭/ન.બા-૪૫/ગ,(૨),તા.૨૩/૦૩/૨૦૦૭

(૮) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ,સચિવાલય,ગાંધીનગર ના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/ ૧૦૯૭/ન.બા-૩૦/ગ,તા.૨૩/૦૫/૨૦૦૭

(૯) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ,સચિવાલય,ગાંધીનગર ના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/ ૧૦૨૦૦૭/ન.બા-૪૫/૧૭-ગ (૨) ,તા.૦૨/૦૬/૨૦૦૮

(૧૦) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ,સચિવાલય,ગાંધીનગર ના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/ ૧૦૯૭/ન.બા-૩૦/ગ ,તા.૩૦/૦૯/૨૦૦૮

ઠરાવ:-

અનુસુચિત જાતિના તબીબી સ્નાતકો પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરી શકે તે માટે આમુખ ક્રમાંક (૧) માં જણાવેલ તા. ૦૧/૦૬/૧૯૭૬ ના ઠરાવથી અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિના મેડીકલ ડીગ્રી એમ.બી.બી.એસ વિદ્યાર્થીઓને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા લોન- સહાય આપવા માટે રૂ. ૫૦૦૦/- સહાય અને રૂ. ૫૦૦૦/- વ્યાજ મુક્ત લોન આપવાની નાણાંકીય સહાયની યોજના અમલમાં મુકવામાં આવી હતી.આમુખ ક્રમાંક(૨) માં જણાવેલ તા. ૦૧/૦૯/૧૯૭૬ ના ઠરાવથી અનુસુચિત જાતિના બી.એસ.એ.એમ (આયુર્વેદ) અથવા બી.ડી.એસ (ડેન્ટલ) ની ડીગ્રી ધરાવતા ડોક્ટરોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા લોન –સ્સહાય આપવા માટે રૂ. ૫૦૦૦/- સહાય અને રૂ. ૫૦૦૦/- વ્યાજ મુકત લોનની નાણાંકીય સહાય આપવાનુ ઠરાવેલ હતુ.

આમુખ ક્રમાંક (૩) માં જણાવેલ તા. ૧૮/૦૭/૧૯૭૭ ના ઠરાવથી અનુસુચિત જાતિ અનુસુચિત જન જાતિના એમ.બી.બી.એસ- બી.એસ.એ.એમ (આયુર્વેદ) અને બી.ડી.એસ (ડેન્ટલ) ની મેડીકલ ડીગ્રી ધરાવતા વિદ્યાર્થીઓને આમુખ ક્રમાંક (૧) માં જણાવેલ આ વિભાગના ઠરાવથી મુળ શરતોને આધિન તથા શરતોમાં પરિશિષ્ટ –ચ માં સૌગંધનામુ રજુ કરવાની શરત ઉમેરવામાં આવેલ હતી. આમુખ ક્રમાંક (૪) માં જણાવેલ તા. ૨૮/૦૭/૧૯૮૦ ના ઠરાવથી આ યોજનામાં સહાય અને લોનની રકમમાં વધારો કરી રૂ. ૭૦૦૦/- સહાય અને રૂ. ૮૦૦૦/- લોન આપવાનુ ઠરાવી યોજનાની મુળ શરતો યથાવત રાખવામાં આવેલ છે. આમુખ ક્રમાંક (૫) માં જણાવેલ તા. ૨૩/૦૩/૧૯૮૯ ના ઠરાવથી અનુસુચિત જાતિના મેડીકલ ડીગ્રી એમ.બી.બી.એસ- બી.એસ.એ.એમ (આયુર્વેદ),બી.એ.એમ.એસ અને બી.ડી.એસ (ડેન્ટલ) ડોક્ટરોને રૂ. ૧૫૦૦૦/- સહાય અને રૂ. ૨૫૦૦૦/- લોન આપવાનુ અને યોજનાની મુળ શરતો યથાવત રાખવામાં આવેલ હતી.આમુખ ક્રમાંક (૬) મા જણાવેલ તા.૩૧/૦૩/૧૯૯૮ ના ઠરાવથી રૂ. ૨૫૦૦૦/- સહાય યથાવત અને રૂ. ૪૦૦૦૦/- લોન ૪% ના વાર્ષિક વ્યાજના દરે આપવાનુ તથા વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨૪૦૦૦/- ઠરાવવામાં આવેલ હતી. આમુખ ક્રમાંક (૭) માં જણાવેલ તા. ૨૩/૦૩/૨૦૦૭ ના ઠરાવથી અનુ.જાતિના એમ.બી.બી.એસ – બી.એસ.એ.એમ ડોક્ટરોને રૂ. ૨૫,૦૦૦/- સહાય અને રૂ. ૨.૦૦ લાખ લોન આપવાનુ ઠરાવી યોજનાની મુળ શરતો યથાવત રાખવામાં આવેલ છે. આમુખ ક્રમાંક (૮) માં જણાવેલ તા. ૨૩/૦૫/૨૦૦૭ ના ઠરાવથી આ યોજનામાં રૂ. ૨૫,૦૦૦/- સહાય અને રૂ. ૪૦૦૦૦/- લોન ૪% ના વાર્ષિક વ્યાજ ના દરે હોમીયોપેથી ડીગ્રી બી.એચ.એમ.એસ અને ડીપ્લોમાં ડી.એચ.એમ.એસ. ડોક્ટરોને લાભ આપવાનુ ઠરાવેલ હતુ આમુખ ક્રમાંક (૯) થી રૂ. ૨૫૦૦૦/- સહાય અને રૂ. ૨.૫૦ લાખ લોન ૪% ના વાર્ષિક વ્યાજ ના દરે અને આવક મર્યાદા રૂ. ૫૦,૦૦૦/- નક્કી કરી મુળ યોજનાની બાકીની શરતો યથાવત રાખવામાં આવી હતી. આમુખ ક્રમાંક (૧૦) ના પત્રથી આમુખ ક્રમાંક (૯) થી લોનમાં કરેલ વધારો આપોઆપ હોમીયોપેથીક ડીગ્રી/ ડીપ્લોમાં ધારકોને લાગુ પડે છે તેવી સ્પષ્ટતા કરવામાં આવેલ હતી, આમ ઉક્ત તમામ વિગતો ધ્યાને લઇ આમુખ ક્રમાંક (૧) થી (૮) ઉપરના તમામ ઠરાવો સંકલિત કરી નીચે પ્રમાણેના સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવે છે.અનુસુચિત જાતિના તબીબી સ્નાતકો/ડીપ્લોમાં ધારકોને (મેડીકલ,ડેન્ટલ,આયુર્વેદ,હોમીયોપેથિક,ફીઝીયોથેરાપીસ્ટ અને અન્ય સમકક્ષ

તમામ તબીબી સ્નાતકો /ડીપ્લોમાં ધારકોને) વાર્ષિક ૪% ના વ્યાજના દરે રૂ. ૨.૫૦ લાખ (અંકે રુપિયા બે લાખ પચ્યાસ હજાર પુરા) લોન અને રૂ. ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) સહાય આપવાનુ ઠરાવવામાં આવે છે,તથા આ યોજના હેઠળ વાર્ષિક આવક મર્યાદા રૂ. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા રહેશે.

(અ) શરતો અને જોગવાઇ

(૧) આ યોજનાનો લાભ અનુસુચિત જાતિના તબીબી સ્નાતકો/ ડીપ્લોમાં ધારકોને ((મેડીકલ,ડેન્ટલ , આયુર્વેદ,હોમીયોપેથિક,ફીઝીયોથેરાપીસ્ટ અને અન્ય સમકક્ષ તમામ તબીબી સ્નાતકો /ડીપ્લોમાં ધારકોને) ગુજરાત રાજ્યના મુળ વતનીઓને જ મળવાપાત્ર છે.

(૨) આ યોજનાનો લાભ અનુસુચિત જાતિના તબીબી સ્નાતકો /ડીપ્લોમા ધારકોને ((મેડીકલ,ડેન્ટલ , આયુર્વેદ,હોમીયોપેથિક,ફીઝીયોથેરાપીસ્ટ અને અન્ય સમકક્ષ તમામ તબીબી સ્નાતકો /ડીપ્લોમાં ધારકોને) મળવા પાત્ર છે.

(૩) આ યોજનાનો લાભ કુટુંબની ફક્ત એક જ વ્યક્તિ ને મળવાપાત્ર છે.

(૪) આ યોજનાનો લાભ એક લાભાર્થીને ફક્ત એક જ વખત મળવા પાત્ર થશે.

(૫) આ યોજનાનો લાભ અનુસુચિત જાતિના તબીબી સ્નાતકો / ડીપ્લોમાં ધારકોને (મેડીકલ,ડેન્ટલ , આયુર્વેદ,હોમીયોપેથિક,ફીઝીયોથેરાપીસ્ટ અને અન્ય સમકક્ષ તમામ તબીબી સ્નાતકો /ડીપ્લોમાં ધારકોને) રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીશનરને જ આપવામાં આવશે.

(૬) અરજદારે પરિશિષ્ટ- ક, માં જણાવેલ નિયત નમુનાના અરજી પત્રકમાં સંબધિત જિલ્લાના જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીને અરજી કરવાની રહેશે.અરજદારની અધુરી વિગતવાળી અરજીઓ ના મંજુર કરવામાં આવશે.

(૭) આ યોજનામાં લાભાર્થીની બધા સાધનોમાંથી થતી વાર્ષિક આવક રૂ. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચ્યાસ હજાર પુરા) થી વધુ ન હોવી જોઇએ લાભાર્થી એ આ ઠરાવમાં દર્શાવેલ સક્ષમ અધિકારીશ્રીઓ / પદાધિકારીશ્રીઓ પૈકી કોઇ પણ એક પાસેથી મેળવેલ વાર્ષિક આવકનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૮) યોજનાનો હેતુ ડોક્ટરનો સ્વતંત્ર ધંધો શરૂ કરવાનો હોય લાભાર્થી સરકારી ખાતામાં કે કોઇ ખાનગી સંસ્થામાં નોકરી કરતો હોવો જોઇએ નહી.

(૯) લાભાર્થીને સરકાર તરફથી આપવામાં આવેલ લોન અને સહાયની રકમનો ખર્ચ સ્વતંત્ર દવાખાનુ શરૂ કરવા માટે જ કરવાનો રહેશે.આ સરકારી નાણાં નો બીજા કોઇ હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી.

(૧૦) લાભાર્થીએ પોતાનુ સ્વતંત્ર દવાખાનુ શરૂ કરવાનુ રહેશે.દવાખાનામાં અન્ય કોઇ વ્યક્તિની ભાગીદારી માલુમ પડશે તો લાભાર્થીને ચુકવાયેલ લોન અને સહાયની તમામ રકમ વ્યાજ સહિત એક સામટી વસુલ કરવામાં આવશે.

(૧૧) લાભાર્થીને લોન મંજુર કર્યાના ૧૨ માસ બાદ માસિક રૂ. ૫૦૦૦/- ના એક એવા ૫૦ માસિક હપ્તાથી લોનની રકમ પરત વસુલ કરવામાં આવશે.ત્યારબાદ વ્યાજની રકમની ગણત્રી કરી માસિક હપ્તાઓમાં વસુલ કરવામાં આવશે.લોનની રકમ તેના નિયત સમય કરતાં વહેલી ભરપાઇ કરવા માટે લાભાર્થીને છુટ રહેશે.લોનના નિયમિત હપ્તા ન ભરનાર અરજદાર પાસેથી ચઢત હપ્તા ઉપર

વધુ ૨% લેખે દંડનીય વ્યાજ વસુલ કરવામાં આવશે લોન અને વ્યાજની રકમ પરત ભરપાઇ ન કરનાર લાભાર્થી અને અથવા તેના મા-બાપની મિલકતમાંથી રેવન્યુ રાહે ચઢત રકમ વસુલ લેવામાં આવશે.

(૧૨) સરકારશ્રી આ યોજના સંબધે વખતો વખત જે નિયમો અને શરતો નક્કી કરે તે અરજદારને સંપુર્ણપણે બંધનકર્તા રહેશે.

(૧૩) લાભાર્થી સરકારી લોન સહાય મળ્યા બાદ 3 માસમાં દવાખાનું શરૂ કરવાનુ રહેશે.જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને અપાયેલ લોન અને સહાયની તમામ રકમ એક સાથે પરત વસુલ કરવામાં આવશે.

(૧૪) લાભાર્થી દ્વારા આ લોન અને સહાયની રકમનો ઉપયોગ જો બીજા કોઇ હેતુ માટે કરવામાં આવશે,તો તેઓને અપાયેલ લોન અને સહાયની તમામ રકમ લોન અને સહાય ચુકવ્યાની તારીખથી દંડનીય વ્યાજ સાથે એક સામટી પરત વસુલ લેવામાં આવશે.

(૧૫) મુખ્ય સદર ૨૨૨૫ , અનુસૂચિત જાતિઓ,અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગો માટે લોન, પેટામુખ્યસદર- ૦૧ અનુસુચિત જાતિઓનુ કલ્યાણ,ગૌણ સદર-૧૯૩ સ્વૈચ્છિક સંસ્થાઓને લોન,પેટા સદર –(૧) બી.સી.કે ૨૭૨- ડો. પી.જી.સોલંકી કાયદા અને તબીબી સ્નાતકોને લોન સહાય.

નાણાંકીય સહાય સદર હેઠળ ઉધારવાના રહેશે".

(બ) <u>આવક અંગેનો દાખલો નીચેના અધિકારીઓ/પદાધિકારીઓ પાસેથી મેળવીને અરજી સાથે જોડવાનો રહેશે.</u>

(૧) તલાટી-કમ-મંત્રી
(૨) સંબંધિત ગ્રામ/નગર પંચાયતના સરપંચ
(૩) સંબંધિત તાલુકાના નાયબ તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી
(૪) સંબંધિત તાલુકાના નાયબ મામલતદાર અને મામલતદાર
(૫) સંબંધિત જિલ્લા/તાલુકા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન,
(૬) સંબંધિત જિલ્લા/તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ,
(૭) વર્ગ-૧ અથવા વર્ગ-૨ના કોઈપણ રાજ્ય પત્રિત અધિકારી
(૮) સંબંધિત જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી
(૯) સંબંધિત જિલ્લાના નાયબ કલેક્ટર અને કલેક્ટર
(૧૦)સંસદ સભ્યશ્રી/ધારા સભ્યશ્રી
(૧૧) નગર પંચાયતના સેક્રેટરી
(૧૨) સંબંધિત નગરપાલીકાના ચીફ ઓફિસર,
(૧૩) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના અનુ.જાતિના મ્યુનિ.કાઉન્સીલર/મ્યુનિ.કોર્પોરેટર
(૧૪) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના જુદી-જુદી સમિતિઓના ચેરમેનશ્રીઓ
(૧૫) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના મેયરશ્રી/ડેપ્યુટી મેયરશ્રી,

(ક) <u>જાતિ અંગેનો દાખલો નીચેના અધિકારીઓ પૈકી કોઈપણ એક પાસેથી મેળવીને અરજી સાથે જોડવાનો રહેશે.</u>

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટ/નાયબ કમિશ્નર/કલેક્ટર/વધારાના નાયબ કમિશ્નર/ નાયબ કલેક્ટર/પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટ/સીટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ (પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના નહીં) /તાલુકા મેજીસ્ટ્રેટ/કાર્યપાલક મેજીસ્ટ્રેટ.

(૨) મુખ્ય પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ/વધારાના મુખ્ય પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ/પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ

(૩) સમાજ કલ્યાણ નિયામક અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.

(૪) મામલતદારથી નીચેની કક્ષાના નહી એવા મહેસૂલી અધિકારીઓ

(૫) ઉમેદવાર અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

(૬) વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદીપ અને મિનિકોય ટાપુઓ

(૭) જિલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ./તાલુકા વિકાસ અધિકારીઓ.

(૮) જિલ્લા નાયબ નિયામક,અનુસુચિત જાતિ કલ્યાણ,વર્ગ-૧.

(૯) તકેદારી અધિકારી, વર્ગ – ૧

આ સંકલિત ઠરાવ સરખા ક્રમાંક પરની ફાઇલ પર તા.૧૩/૧૦/૨૦૧૬ થી મરક.કક્ષાની અનુમતિ થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા) સચિવાલય, ગાંધીનગર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
નિયામકશ્રી, અજાક, ગુજરાત રાજ્ય,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે જિલ્લા નાયબ નિયામક (અનુસૂચિત જાતિ), (નિયામકશ્રી (અજાક) મારફત)
સર્વે.સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) નિયામકશ્રી (અજાક)મારફત)
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી (અજાક) મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
~~કમ્પ્યુટર~~ સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
સિલેકટ ફાઇલ